**GJSR120042412025**

**CRMA J No. 1410/2025 ના કામે અરજદારની અરજી હેઠળ હુકમ**

.......................................................................................................................

1. અરજદારની અરજી વંચાણે લીધી. અરજદારના વિ.વ.શ્રી.ને સાંભળ્યા. અરજદારે અરજી સાથે રજુ કરેલ દાખલો વંચાણે લીધો. અરજદારે પોતાની અરજીમા જણાવેલ છે કે, **અરજદારનાં પુત્રને બી.એન.બી.ઇંગ્લીશ મીડીયમ એકેડમી વાવ, તા.કામરેજ, જી.સુરત તરફથી આપવામાં આવેલ સ્કુલ લીવીંગ સર્ટીફિકેટમાં વિદ્યાર્થીનાં નામવાળી કોલમમા મોહંમદહુસેન** લખાયેલ છે. જે શરતચુકથી અને ભુલથી લખાયેલ છે. જ્યારે **ખરી હકીકતમા અરજદારનાં પુત્રનુ સાચુ અને ખરૂ નામ એઝાઝએહમદ છે** અને અરજદારના પુત્રનાં તમામ પુરાવાઓમા તેઓનુ નામ એઝાઝએહમદ ચાલી આવેલ છે. હાલમા અરજદારને સરકારી તથા અર્ધસરકારી કામે આવશ્યકતા ઉભી થતા બી.એન.બી.ઇંગ્લીશ મીડીયમ એકેડમી વાવ, તા.કામરેજ, જી.સુરત પાસે સ્કુલ લીવીંગ સર્ટીફિકેટ મેળવતા અરજદારના પુત્રના નામમા ભુલ હોય જેથી તેમા સુધારો કરવા હાલની અરજી કરેલી છે.

2. સદર કામમા આંક–૦૪ થી અરજદાર સમીમબેન ઝુબેરભાઇ સીંધા નાઓનો સોગંદ પરનો પુરાવો રજુ થયેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, અમો અરજદારનો પુત્ર આ કામનાં સામાવાળાની શાળામાં ધોરણ–૭ માં અભ્યાસ કરે છે. જે અંગે શાળાનાં રજીસ્ટરમાં જી.આર.નં.૭૮૧ થી નોંધણી કરવામાં આવેલ છે. હાલમા અરજદારને સ્કુલ લીવિંગ સર્ટીફિકેટ ની જરૂર પડતા તેઓએ સામાવાળા પાસેથી માંગણી કરતા તેઓએ સ્કુલ લીવીંગ સર્ટીફિકેટ આપેલ છે. જેમા અરજદારના પુત્રનાં સ્કુલ લીવિંગ સર્ટીફિકેટમાં નામની કોલમમા મોહંમદહુસેન લખાયેલ છે. જે શરતચુકથી ભુલથી લખાયેલ છે. જ્યારે હકીકતમા અરજદારનુ સાચુ અને ખરૂ નામ

એઝાઝએહમદ છે. તેમજ અરજદારે તેમનાં પુત્રનાં આધાર–કાર્ડ, પેઢીનામાં ની નકલ  રજુ કરેલ છે. અરજદારે આંક–૦૯ થી આ કામનાં સામાવાળાએ આપેલ બોનોફાઈડ સર્ટિફીકેટની અસલ નકલ રજુ કરેલ છે. તેમાં નામની કોલમમા મોહંમદહુસેન લખાયેલ છે. જ્યારે અરજદારે તેમના પુત્રનાં આધારકાર્ડની અસલ નકલ આંક–૧૦ થી રજુ કરેલ છે. જેમા નામની કોલમમા એઝાઝએહમદ તરીકે દર્શાવેલ છે. જેથી અરજદારે તેમના પુત્રની સ્કુલ લીવીંગ સર્ટીફિકેટમાં નામની કોલમમા સુધારો કરવા હાલની અરજી કરેલી છે.

3. સદર કામમા આંક-૦૬ થી સાહેદ શાહિદ મોહંમદ રફીક બદાત નાઓનો સોગંદ પરનો પુરાવો રજુ થયેલ છે. તેમાં તેઓએ જણાવેલ છે કે, આ કામના અરજદાર તેઓનાં નજીકનાં સગા-સંબંધી થાય છે. ખરી હકીકતમા અરજદારનાં પુત્રનું સાચુ અને ખરૂ નામ એઝાઝએહમદ ચાલી આવેલ છે તેમજ તેઓના આધારકાર્ડ, પેઢીનામાં વિગેરેમા પણ નામ એઝાઝએહમદ ચાલી આવેલ છે. પરંતુ તેઓની શાળામાં સ્કુલ લીવીંગ સર્ટીફિકેટમાં નામની નોંધણી કરાવતી વખતે શરચુકથી અને ભુલથી શાળા દ્વારા નામની કોલમમા એઝાઝએહમદ ના સ્થાને શરતચુકથી અને ભુલથી નામની કોલમમા મોહંમદહુસેન લખાઇ ગયેલ છે. આ કામના અરજદારે તેમના સ્કુલ લીવીંગ સર્ટીફિકેટમાં નામમાં સુધારો કરવા માટે હાલની અરજી કરેલી છે. અરજીમા લખેલ તમામ હકીકત સાચી અને ખરી છે જેથી તેઓએ આજરોજ કોર્ટ રૂબરૂ જાહેર કરેલ છે.

4. સદર કામમા આંક-૦૭ થી સાહેદ પઠાણ ઇમરાનખાન ફરીદખાન નાઓનો સોગંદ પરનો પુરાવો રજુ થયેલ છે. તેમાં તેઓએ જણાવેલ છે કે, આ કામના અરજદાર તેઓનાં નજીકનાં સગા-સંબંધી થાય છે. ખરી હકીકતમા અરજદારનાં પુત્રનું સાચુ અને ખરૂ નામ એઝાઝએહમદ ચાલી આવેલ છે તેમજ તેઓના આધારકાર્ડ, પેઢીનામાં વિગેરેમા પણ નામ એઝાઝએહમદ ચાલી આવેલ છે. પરંતુ તેઓની શાળામાં સ્કુલ લીવીંગ સર્ટીફિકેટમાં

નામની નોંધણી કરાવતી વખતે શરચુકથી અને ભુલથી શાળા દ્વારા નામની કોલમમા એઝાઝએહમદ ના સ્થાને શરતચુકથી અને ભુલથી નામની કોલમમા મોહંમદહુસેન લખાઇ ગયેલ છે. આ કામના અરજદારે તેમના સ્કુલ લીવીંગ સર્ટીફિકેટમાં નામમાં સુધારો કરવા માટે હાલની અરજી કરેલી છે. અરજીમા લખેલ તમામ હકીકત સાચી અને ખરી છે જેથી તેઓએ આજરોજ કોર્ટ રૂબરૂ જાહેર કરેલ છે.

5. સદર કામમા આંક-૧૨ થી સામાવાળા બારોટ જયકુમાર દિપકકુમાર નાઓનો સોગંદ પરનો પુરાવો રજુ થયેલ છે. તેમાં તેઓએ જણાવેલ છે કે, તેઓ કલાર્ક તરીકે બી.એન.બી.ઇંગ્લીશ મીડીયમ વાવ, તા.કામરેજ, જી.સુરત ખાતે ફરજ બજાવે છે. તેઓને નામદાર કોર્ટની નોટીસ બજતા હાજર થયેલ છે. આ કામના અરજદાર તેમનાં પુત્રનું આંક-૦૯ થી રજુ બોનોફાઇડ સર્ટિફીકેટની અસલ નકલ બતાવવામા આવે છે જે શાળા દ્વારા આપેલ છે. જેમાં અરજદારનાં પુત્રનુ નામ મોહંમદહુસેન લખેલ છે. શાળાનાં રજીસ્ટરમાં જી.આર.નં.૭૮૧ થી નોંધણી કરવામાં આવેલ છે. જે અંગેનાં ઉતારાની ખરી નકલ જેને આંક -૧૪ આપવામા આવે છે. તેમા વિગતો ભરવામા આવેલ અને જે બી.એન.બી.ઇંગ્લીશ મીડીયમ વાવ, તા.કામરેજ, જી.સુરત માંથી સ્કુલ લીવીંગ સર્ટિફીકેટ આપવામા આવેલ હતુ. અરજદારના પુત્રનાં નામમા સુધારો કરવાનો હુકમ ના.કોર્ટ દ્વારા કરવામા આવે તો આ પ્રકારનો સુધારો કરવા તેઓની કચેરી રાજી છે. ઉપરોક્ત જણાવેલ તમામ હકીકત સાચી અને ખરી હોવાનુ જણાવેલ છે.

6. આમ, સદર કામે અરજદારની અરજી તેમજ અરજદાર સમીમબેન ઝુબેરભાઇ સીંધા નો સોગંદ પરનો પુરાવો આંક-૦૪ થી રજુ છે. જે વંચાણે લેતા અરજદારનાં પુત્રની શાળાનાં રજીસ્ટરમાં જી.આર.નં.૭૮૧ થી નોંધણી કરવામાં આવેલ છે. તેમજ સામાવાળા બારોટ જયકુમાર દિપકકુમારનો આંક-૧૨ નો પુરાવો જોતા અરજદારનાં પુત્રની આ કામના સામાવાળાની શાળાનાં રજીસ્ટરમાં જી.આર.નં.૭૮૧ થી નોંધણી કરવામાં

આવેલ છે. પરંતુ શાળા તરફથી આપવામાં આવેલ બોનોફાઈડ સર્ટિફીકેટમાં તેઓના નામની કોલમમા મોહંમદહુસેન તરીકે દર્શાવેલ છે. જ્યારે અરજદાર તરફે રજુ કરવામા આવેલ અરજદારના પુત્રનાં આધારકાર્ડ, પેઢીનામાં વિગેરેમા નામની કોલમમા એઝાઝએહમદ દર્શાવેલ છે. વધુમા અરજદાર તરફે સાહેદ શાહિદ મોહંમદ રફીક બદાત નો આંક-૦૬ નો પુરાવો તથા સાહેદ પઠાણ ઇમરાનખાન ફરીદખાન નો આંક-૦૭ નો પુરાવો જોતા પણ અરજદારની અરજી ની હકીકતને સમર્થન મળે છે. તેમજ અરજદારના પુત્રને શાળા તરફથી આપવામાં આવેલ બોનોફાઈડ સર્ટિફીકેટની અસલ નકલ આંક–૦૯ થી રજુ રાખેલ છે. જેમાં નામની કોલમમા મોહંમદહુસેન લખાયેલ છે. જ્યારે અરજદારના પુત્રનાં આધારકાર્ડ ની નકલ આંક–૧૦ થી રજુ કરેલ છે. જે વંચાણે લેતા અરજદારના પુત્રનાં નામની કોલમમા એઝાઝએહમદ હોવાનુ જણાય આવે છે. સદર કામે અરજદારના પુત્રનાં નામની કોલમમા મોહંમદહુસેન જણાવેલ છે પરંતુ અરજદાર તરફે રજુ કરેલ આધારકાર્ડ, પેઢીનામાં વિગેરેની નકલ વંચાણે લેતા અરજદારનાં પુત્રનાં નામની કોલમમા એઝાઝએહમદ હોવાનુ જણાય છે. આમ, અરજદાર તરફે રજુ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા ઓ વંચાણે લઈ તમામ હકીકત ધ્યાનમા લઈ અરજદારની અરજી અંગે ન્યાયના હિતમા નીચે મુજબને હુકમ કરવામા આવે છે.

**::હુકમ::**

1. અરજદારની અરજી **મંજુર** કરવામા આવે છે.
2. આ કામના સામાવાળા બી.એન.બી.ઇંગ્લીશ મીડીયમ વાવ, તા.કામરેજ, જી.સુરત નાઓને આદેશ આપવામા આવે છે કે, અરજદાર સમીમબેન ઝુબેરભાઇ સીંધા, રહેવાસી: ૪૬, રાણી મોહલ્લો, મુ.ખોલવડ, તા.કામરેજ, જી–સુરત નાઓનાં પુત્રનું **સાચુ અને ખરૂ નામ એઝાઝએહમદ** હોવાનુ જણાય છે. તેમા નામની કોલમમાં મોહંમદહુસેન

તરીકે દર્શાવેલ છે તેમા સુધારો કરી અરજદારનાં પુત્રનું સાચુ અને ખરૂ નામ એઝાઝએહમદ હોય તે મુજબનો સુધારો કરવો.

હુકમ આજરોજ તારીખ ૦૭ મી માહે માર્ચ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમા જાહેર કર્યો.

**તારીખ:– ૦૭/૦૩/૨૦૨૬** **(એસ.કે.ફટાણીયા)**
**સ્થળઃ કઠોર.** **જ્યુ.મેજી.ફર્સ્ટ ક્લાસ, કઠોર**
**જજ કોડ: GJ01769**